જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૧૨/૨૦૨૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૮૩૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૪ કેસ કરી, ૮૬ વ્યક્તિઓને ઝડપી, ૩૨૨ લીટર દેશી દારૂ, ૩૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૩૧ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૫૯ બીયર ટીન, ૦૧ સ્કુટર, ૦૧ કાર અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૦૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૮૩૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૮૩૩/૨૦૨૫**

ક્રાઈમ બ્રાન્ચઃ શીખા ડો/ઓ પ્રેમચંદ પાંડે (ઉ.વ.૩૦) (રહે. કામધેનુ–૧ ઓગણજ સોલા) એ તા.૨૭/૧૨/૨૦૨૫ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૭/૨૦૨૫ થી તા.૦૮/૦૮/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન સાયન્સ સીટી અનુજશ્રી એકોલેટ–૨ સોલા રોડ ઓફીસ નંબર–૫૦૬ ખાતે કંપનીમા મેડીકલ રીપ્રેઝેન્ટીટીવની પોસ્ટ તથા સર્જીકલ માલ સામાન ખરીદી કરવાનુ કામ કરતા આરોપી (૧) મીત રામજીભાઇ પાનેલીયા (રહે. અર્જુનનગર સોસાયટી ગ્રીનસીટી ફ્લેટ નિર્ણયનગર અમદાવાદ, મુળ વતન. મુખીની વાડી વિસ્તાર નેસડી અમરેલી (૨) માનસી રતીભાઇ વિરોલીયા (રહે. અર્જુનનગર સોસાયટી ગ્રીન સીટી ફ્લેટ નિર્ણયનગર અમદાવાદ) અને (૩) અવનિશ અશ્વિનભાઇ સાખરેલીયા એ ભેગા મળી સર્જીકલ માલ–સામાન ખરીદ કરેલ હોવાનુ જણાવી ખોટા બિલ રજુ કરી શીખા પાંડે પાસેથી રોકડ રૂપિયા ૨૪,૩૧,૬૯૩/– મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જે.લકુમ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૮૩૪/૨૦૨૫**

વેજલપુરઃ સોનીયા ડો/ઓ રફીકભાઇ શેખ (ઉ.વ.૪૧) (રહે. હમ્દ પાર્ક હાફીઝજી મસ્જીદ પાસે કેનાલ ફતેવાડી) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧૨/૨૦૨૫ કલાક ૦૦/૦૦ થી કલાક ૦૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મોતિ બેકરી સામે અંબર ટાવર ખાતે પોતાના મકાનના દરવાજાનો નકૂચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનિયા શેખના પિતાજીનુ વાઇડિક્સ હિઅરીંગ કમ્પનીનુ કાનમા સાંભળવાનુ મશીન, તથા લાકડાના કબાટમાંથી સોના–ચાંદીના દાગીના તેમજ રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૫,૧૫,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એમ.ચૌહાણ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૮૩૫/૨૦૨૫**

આનંદનગરઃ ભાવેશકુમાર રમેશભાઈ માળી (રહે. મેઘમાલા સોસાયટી આર.આર.ત્રિવેદી સ્કુલ સામે વેજલપુર) એ તા.૨૭/૧૨/૨૦૨૫ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૧/૨૦૨૫ બપોરના ૦૧/૪૫ થી ૦૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન આનંદનગર ઓમકારેશ્વર ફલેટની બાજુમાં હરીઓમ ચાલી શ્રી લક્ષ્મી જવેલર્સ શો–રૂમ ખાતે ગ્રાહકના સ્વાંગમાં આવેલ બે પુરૂષ અને બે સ્ત્રીઓ એ નજર ચુકવી નાના છોકરા દ્વારા દુકાનમાં લાગેલ કાચ ઉપરથી હાથ નાખી સોનાની કાંટીઓ વાળી એક નાની થેલી ચોરી કરી લઈ ગયા હતા. જે થેલીમાં સોનાની કાંટી નંગ–૪૮ કિમત રૂપિયા ૩,૧૩,૦૪૦/– મતા હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી સુનિલભાઈ ઘનજીભાઈ ચલાવે છે.

સાબરમતીઃ રેખાબહેન વા/ઓ પ્રદિપ ભગત (ઉ.વ.૬૪) (રહે. દેવભુમીનગર શિતલકુંજ સોસાયટી સુરજબાગ સોસાયટી સામે ડી–કેબીન સાબરમતી) એ તા.૨૭/૧૨/૨૦૨૫ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે રેખાબહેન ભગત તથા તેઓના પતિ સાથે તા.૧૬/૧૨/૨૦૨૫ સવારના ૧૧/૧૫ થી ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સાબરમતી ઘરમનગર રામનગર એસબીઆઈ બેંક બ્રાન્ચ ખાતે બેંકના દરવાજામાંથી બહાર નિકળતા હતા ત્યારે અજાણી મહિલા એ નજર ચુકવી રેખાબહેન ભગત પાસેની કાપડની થેલીમાંથી રોકડ રૂપિયા ૪૦,૦૦૦/– ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.રાવ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૮૩૬/૨૦૨૫**

કૃષ્ણનગરઃ ગીતાબહેન વા/ઓ રસીકભાઇ કિકાણી (ઉ.વ.૫૭) (રહે. વિક્રમ પાર્ક બંગ્લોઝ હિરાવાડી કૃષ્ણનગર) એ બિમારીથી કંટાળી તા.૨૪/૧૨/૨૦૨૫ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને ગાંધીનગર અપોલો હોસ્પીટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. સારવાર દરમ્યાન તા.૨૭/૧૨/૨૦૨૫ કલાક ૦૨/૦૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.ચૌહાણ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી